પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૭૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૩-૧૧-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 77 PRICE :-RS. 1.50 DATE : 23-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### છેલ્લા ૨૪ કલાકમાં ૪૫,૨૦૯ નવા કોરોનાના કેસ નોંધાયા

## દેશમાં કોરોના કેસો ૯૦.૯૫ લાખને પાર: સક્રિય કેસો પાંચ લાખથી નીચે



ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસના કેસના આંકડા ૯૧ લાખની નજીક પહોંચી ગયા છે. ૨૨ નવેમ્બરે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૪૫,૨૦૯ નવા કોરોનાના કેસ નોંધાયા છે. તેની સાથે જ ભારતમાં કોરોનાના કુલ કેસ ૯૦,૯૫,૮૦૭ પર પહોચી ગયા છે જેમાંથી ૪,૪૦,૯૬૨ લાખ એક્ટિવ કેસ છે અને ૮૫,૨૧,૬૧૭ લાખ લોકો ડિસચાર્જ/રિકવર થઈ ગયા છે. જ્યારે ૨૪ કલાકમાં વધુ ૫૦૧ લોકોના મોત કોરોનાના કારણે થયા છે. તેની સાથે જ અત્યાર સુધી ૧,૩૩,૨૨૭ લાખ લોકોના કોરોનાને કારણે મોત થયા છે. ભારત વિશ્વમાં બીજો દેશ છે, જ્યા કોરોનાના કેસ ૯૦ લાખથી વધુ છે, તેનાથી વધુ કેસ અમેરિકામાં છે. કોરોના વાયરસ ઈન્ફેક્શનની તપાસ માટે ભારતમાં અત્યાર સુધી આશરે ૧૩ કરોડ સેમ્પલની તપાસ કરવામાં આવી ચુકી છે.


ભારતમાં ૭ ઓગસ્ટે કોરોનાના કેસની સંખ્યા ૨૦ લાખને પાર થઈ ગઈ હતી. ૫ સપ્ટેમ્બરે કેસ ૪૦ લાખને પાર થઈ ગયા છે, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખનો આંકડો પાર થયો હતો. ૧૧ ઓક્ટોબરે ભારતમાં ૭૦ લાખ કેસ હતા અને ૨૮ ઓક્ટોબરે કેસની સંખ્યા ૮૦ લાખને પાર થઈ ગઈ હતી.

ભારતમાં કેસોની સંખ્યા ૮૦ લાખથી ૯૦ લાખ પહોચવામાં આશરે ૨૨થી ૨૩ દિવસનો સમય લાગ્યો હતો. સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ભારતમાં એક્ટિવ કેસની સંખ્યામાં રોજ ઘટાડો નોંધાતો રહ્યો છે. ૧ ઓક્ટોબરે ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૯ લાખ ૪૦ હજાર ૭૦૫ હતી, જે ૨૦ નવેમ્બરે ૪ લાખ ૪૩ હજાર ૭૯૪ સુધી આવી ગઈ છે. એક જ મહિનાની અંદર ભારતના એક્ટિવ કેસ આશરે પાંચ લાખ સુધી ઓછા થઈ ગયા છે. એક પોઝિટિવ વાત આ પણ છે કે ગત ૪૭ દિવસમાં રોજના નવા કેસના મુકાબલે, રિકવરી કેસ વધુ આવ્યા છે.

દેશમાં અમદાવાદ અને દિલ્હીમાં કોરોનાના વધતા કેસ સરકાર માટે ચિંતાનો વિષય છે. દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસથી રોજના ૫ હજારથી વધુ રેકોર્ડ કેસ સામે આવ્યા છે જ્યારે અમદાવાદમાં ફરી ૩૦૦થી વધુ રોજના કેસ સામે આવી રહ્યા છે. દિલ્હીમાં વધતા કેસને જોતા દિલ્હી સરકાર અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે બેઠક પણ મળી હતી.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં લગ્નમાં મહેમાનોની સંખ્યાને ૨૦૦થી ઓછી કરીને ૫૦ કરી દીધી છે. બીજી તરફ માસ્ક ના પહેરવા પર દંડની રકમ ૫૦૦થી વધારીને ૨૦૦૦ કરી દીધી છે. દિલ્હી સરકારે સાવચેતીના ભાગ રૂપે હોસ્પિટલમાં કોરોના માટે બેડ પણ રિઝર્વ કર્યા છે, સાથે જ આઈસીયુ બેડ્સની પણ સંખ્યા વધારવામાં આવી છે.

## આજથી અમદાવાદમાં દિવસનો કર્ફ્યૂ હટશે, રાત્રે યથાવત્ રહેશે: નીતિન પટેલ



અમદાવાદ,

અમદાવાદ શહેર બાદ રાજકોટ, સુરત અને વડોદરામાં પણ રાત્રી કરફ્યૂ મુકવાની જાહેરાત થતાં જ લોકોમાં વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું છે. ફરી લોકડાઉન થવાના ભયે લોકો ચર્ચાઓ કરી રહ્યા છે ત્યારે આ સમયે લોકડાઉન અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું એક મોટું નિવેદન સામે આવ્યું છે જે આપ માટે જાણવા જેવું છે. કોરોનાની સ્થિતિત કાબુમાં કરવા માટે લાદવામાં આવેલા કરફ્યૂને પગલે આજે આ સ્થિતિ જોવા મળી રહી છે. શનિવાર રાત્રીના ૯ વાગ્યાથી સોમવારે સવારના ૬ વાગ્યા સુધી આ માહોલ જળવાય તે આપણી જવાબદારી છે અને સરકારનો હુકમ પણ છે. અમદાવાદમાં કોરોનાની સ્થિતિ વકરી છે જેને કારણે કરફ્યૂનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કરફ્યૂની અમલવારીને પગલે ઠેરઠેર પોલીસ બંદોબસ્ત ગત રાત્રીથી જ ગોઠવી દેવાયો હતો. જોકે આ કરફ્યૂના સમયે પણ કામ વગર બહાર નિકળનારાઓ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના જણાવ્યા અનુસાર અમદાવાદમાં કરફ્યૂ લંબાવવાનો હાલ કોઈ જ નિર્ણય કરવામાં આવ્યો નથી કે તેની ચર્ચા કરવા કરવામાં આવી પણ નથી. તેમના નિવેદન અનુસાર સોમવારે સવારે છ વાગ્યાના સુમારે કરફ્યૂ પુરો થાય છે. જોકે સરકાર રાત્રી

(અનુ.પાના.નં.૨)

## પ્રથમ માસીક પૂણ્યતિથી

સદા કોઈ રહેવા આવ્યું નથી, પણ તમે ગયા તેમ કોઈ જતુ નથી,
વિદાય એવી લીધી કે મન માનતુ નથી,
અણધારી વિદાય કાળજુ કંપાઈ ગઈ, તમારો હસમુખો ચહેરો નજર સામેથી
ખસતો નથી. પ્રભુ તમારા દિવ્ય, આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....



### સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ

જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦

લી.

સ્વ. કાંતિલાલ પરસોત્તમદાસ પંચાલ | ગં.સ્વ.કલાવતીબેન કાંતિલાલ પંચાલ

દિલીપભાઈ જયંતિલાલ પંચાલ

પ્રવીણકુમાર પરસોત્તમદાસ પંચાલ | કુંજલતાબેન પ્રવીણકુમાર પંચાલ

વિજયકુમાર કાંતિલાલ પંચાલ | ભગવતીબેન વિજયકુમાર પંચાલ

ગં.સ્વ. આશાબેન અજયભાઈ પંચાલ

કૌશલ વિજયભાઈ પંચાલ | કિંજલ કૌશલભાઈ પંચાલ

કમલ વિજયભાઈ પંચાલ | દિપીકા કમલ પંચાલ

કરણ અજયભાઈ પંચાલ | ઉન્નતી રાજેશભાઈ પંચાલ

સૌરભકુમાર રાજેશભાઈ પંચાલ | વૈશ્નવી અજયકુમાર પંચાલ

અમુલ પ્રવીણભાઈ પંચાલ | હેતલ અમુલભાઈ પંચાલ

જીજ્ઞેશકુમાર હસમુખભાઈ પંચાલ | તેજલબેન જીજ્ઞેશકુમાર પંચાલ

મોક્ષા કૌશલ પંચાલ, દ્વિવ્શા કમલ પંચાલ, આયુષી અમુલભાઈ પંચાલ, શીવ જીજ્ઞેશકુમાર પંચાલ, ગૌતમી પંચાલ

### અધિક સચિવની ખાનગી હોસ્પિટલના સંચાલકોને ચેતાવણી

## કૃત્રિમ રીતે બેડની અછતની પ્રવૃતિ સાંખી નહી લેવાય- થશે કડક કાર્યવાહી



અમદાવાદ,

ગુજરાતમાં દિવાળીના તહેવાર બાદ જીવલેણ કોરોના વાયરસને માથુ ઉચક્યું છે, ત્યારે બીજી તરફ અમદાવાદમાં વધી રહેલા કોરોનાના કેસ વચ્ચે મુખ્ય અધિક સચિવ રાજીવ ગુપ્તાએ ખાનગી હોસ્પિટલના સંચાલકોને સખ્ત વોર્નિંગ આપી છે. તેમણે જણાવ્યુ હતુ કે, જે દર્દીઓને ઓક્સિજન લેવલ યોગ્ય છે તેમને પણ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યા છે. કોર્પોરેશનના બેડમાં પણ ખોટી રીતે દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હોવાનો ખુલાસો થયો છે. તેમણે કહ્યુ કે, કૃત્રિમ રીતે ખાનગી હોસ્પિટલમાં બેડની અછતની પ્રવૃતિ સાખી નહી લેવાય.

અમદાવાદની ખાનગી હોસ્પિટલ દ્વારા કોવિડ બેડની કૃત્રિમ અછત ઊભી કરવાનો પેંતરો ચાલી રહ્યો છે ?, ઉલ્લેખનીય છે કે બિનજરૂરી દર્દીઓને બોલાવી પથારી ભરાતી હોવાની એએમસીને ફરિયાદ મળી છે. તાત્કાલિક ધોરણે આ પ્રકારની પ્રેક્ટિસ બંધ કરવાના આદેશ આપવામાં પણ આવ્યા છે. નોંધનીય છે કે જો આ પ્રક્રિયા યથાવત રહેશે તો કાર્યવાહી કરવાની એએમસીની ચિમકી પણ ઉચ્ચારી છે.ત્યારે બીજી તરફ અખબારી યાદી મારફતે આપી ચિમકી, અમદાવાદમાં ૮થી ૧૦ કોવિડ હોસ્પિટલ રિક્વિઝીટ કરવાની પ્રક્રિયા ચાલુ, કોવિડ કેસનું પ્રમાણ સતત વધતાં વધુ પથારી ઉપલબ્ધ કરાવવા તંત્રની તૈયારી છે.

અમદાવાદમાં કોરોનાના દર્દીઓ માટે ૧ હજાર ૫૦૦ બેડ ખાલી છે. જેથી શહેરીજનોએ ગભરાવવાની જરૂર નથી. આ ઉપરાંત શહેરની વધુ ૧૦ જેટલી હોસ્પિટલને કોવિડ હોસ્પિટલ તરીકે રાખવા કવાયત હાથ ધરવામાં આવી છે. એક જ પરિવારનાં સભ્યોને અલગ-અલગ હોસ્પિટલોમાં દાખલ કરવાની બાબતમાં ૧૦૮ને તાત્કાલિક સૂચના આપવામાં આવી છે કે બને ત્યાં સુધી એક પરિવારનાં સભ્યોને એક જ હોસ્પિટલમાં લઈ જવામાં આવે. અને આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલમાં લાગુ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

## રાજસ્થાન પણ ગુજરાતના માર્ગે: મોટા આઠ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ લદાયો



જયપુર,

રાજસ્થાનમાં દિવાળી પછી સતત કેસ વધતા કોરોના સંક્રમણ પછી ટેન્શનમાં આવેલી અશોક ગેહલોતની સરકારે શનિવારે રાત્રે બેઠક બાદ મોટી જાહેરાત કરી છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે ટ્વીટ કરીને જયપુર અને જોધપુર સહિત ૮ શહેરોમાં નાઈટ કર્ફ્યૂની જાહેરાત કરી છે. આ કર્ફ્યૂ રાત્રે ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી રહેશે. રાજ્યમાં મંત્રીમંડળની બેઠક થઈ હતી જેમાં સામે આવ્યું કે લગ્નની સીઝન, ઠંડી, તહેવારો વગેરેના કારણે કોરોનાના કેસમાં વધારો થયો છે.

બેઠકમાં ચર્ચા કરાઈ કે નવેમ્બર માસમાં પ્રદેશમાં રોજ પોઝિટિવ કેસની સંખ્યા ૧૭૦૦થી વધીને ૩૦૦૦ રોજની થઈ ગઈ છે. પ્રદેશના ૮ જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની સંખ્યા અચાનક વધી ગઈ છે. ઠંડી વધવાના કારણે આવનારા દિવસોમાં કોરોનાની સ્થિતિ વધારે ગંભીર થવાની આશંકા છે. એવામાં લોકોના જીવનની રક્ષા તથા માસ્ક લગાવવા અને સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા હેલ્થ પ્રોટોકોલનું પાલન સુનિશ્ચિત કરીને સંક્રમણ પર નિયંત્રણ માટે રાજ્ય સરકાર તરફથી પગલા ભરવામાં આવ્યા છે.

કોરોના સંક્રમણથી સૌથી વધુ અસર જોધપુર, જયપુર, કોટા, બીકાનેર, ઉદેપુર, અજમેર, અલવર અને ભીલવાડા જિલ્લામાં જોવા મળી છે જ્યાં નાઈટ કર્ફ્યૂ લગાવવામાં આવ્યું છે. આ સાથે બજારો, રેસ્ટોરાં, શોપિંગ મૉલ અને ઓફિસો ૭ વાગ્યા સુધી જ ખુલ્લા રહેશે. નાઈટ કર્ફ્યૂ દરમિયાન લગ્ન સમારોહમાં જનારા, દવાઓ સહિત જરુરી સેવાઓ સંબંધિત લોકો તથા બસ, ટ્રેન અને હવાઈ મુસાફરી માટે આવા-ગમન કરનારા લોકોને છૂટ અપાશે.

## કોરોનાનો સામનો કરવા કેન્દ્ર ફરી એક્શનમાં: યૂપી, પંજાબ અને હિમાચલમાં મોકલી ટીમો

ન્યુ દિલ્હી,

કોરોનાના વધતાં કેસો સામે કેન્દ્ર સરકાર એક્શનમાં આવી છે. કેન્દ્ર સરકારે ઉત્તર પ્રદેશ, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ટીમો મોકલી છે. આ રાજ્યોમાં કોરોના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. કેન્દ્ર આ પહેલાં હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મણિપુરમાં કોરોના વિરુદ્ધ અભિયાનની દેખરેખ માટે ટીમો મોકલી ચૂકી છે. દિલ્હી, મહારાષ્ટ્ર, ગુજરાત સહિત ઘણા રાજ્યોમાં કોરોનાના કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે.

કેન્દ્ર સરકારે રાજ્યોને સલાહ આપી છે કે, શિયાળામાં કેસો વધતાં તપાસ વધારવી જોઈએ અને એવા દર્દીઓને ઓળખ કરે જે લોકો પોતે અજાણ છે. રાજ્યોને કોવિડ ટેસ્ટિંગ માટે આક્રમક રીતે અભિયાન ચલાવવા કહેવામાં આવ્યું છે. જેથી કોરોના પોઝિટિવ લોકોને શરૂઆતના તબક્કામાં જ પકડી શકાય.

## હવે આયુર્વેદના ડૉક્ટર્સ પણ કરી શકશે સર્જરી, કેન્દ્ર સરકારે આપી લીલી ઝંડી

ન્યુ દિલ્હી,

હવે આયુર્વેદના ડોક્ટરો પણ જનરલ અને ઓર્થોપેડિક સર્જરી સાથે આંખ, કાન અને ગળાની સર્જરી કરી શકશે. કેન્દ્ર સરકારે આ માટે લીલી ઝંડી આપી દીધી છે. સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે અનુસ્નાતક (પીજી) વિદ્યાર્થીઓને વિવિધ સર્જરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

આયુર્વેદના વિદ્યાર્થીઓને પણ સર્જરીનું શિક્ષણ આપવામાં આવતું હતું. પરંતુ સર્જરી કરવાના અધિકારોને સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યો નહોતા.સરકારના જાહેરનામા મુજબ હવે આયુર્વેદ સર્જરીમાં પીજી કરનારા વિદ્યાર્થીઓને આંખ, નાક, કાન, ગળા તેમજ જનરલ સર્જરી માટેની વિશેષ તાલીમ આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓને સ્તનના ગઠ્ઠો, અલ્સર, મૂત્રમાર્ગના રોગો, પેટમાંથી બાહ્ય પદાર્થોના નિષ્કર્ષણ, ગ્લુકોમા, મોતિયાને દૂર કરવા અને ઘણી બધી શસ્ત્રક્રિયાઓ કરવાનો અધિકાર હશે.

કેન્દ્ર સરકાર આયુર્વેદના ભૂતપૂર્વ સલાહકાર ડો. શર્માએ આ પહેલને મિલનો પથ્થર ગણાવ્યું છે. તેમનું કહેવું છે કે આનાથી દેશમાં કુશળ સર્જનોની તંગી દૂર થશે. ઉપરાંત, દેશના દૂરના વિસ્તારોના દર્દીઓને પણ ઉચ્ચ સ્તરની સારવાર મેળવશે.

જોકે, દિલ્હી મેડિકલ એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ ડો. અનિલ બંસલ કહે છે કે આનાથી ઝોલાછાપ ડોકટરોને વેગ મળશે અને દર્દીઓ માટે સંકટ પેદા થશે. બીજી તરફ ડો. શર્મા કહે છે કે, આયુર્વેદના વિદ્યાર્થીઓને ડિલિવરી, ગર્ભપાત, ગર્ભાશયની સર્જરી કરવાનો પણ અધિકાર આપવા જોઈએ.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લા માહિતી કચેરી દ્વારા નેશનલ પ્રેસ ડેની ઉજવણી સંદર્ભે વેબિનાર યોજાયો


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગર અને મધ્ય ગુજરાત ઝોન પ્રાદેશીક માહિતી કચેરી વડોદરાના સંયુક્ત ઉપક્રમે નેશનલ પ્રેસ ડેની ઉજવણી સંદર્ભે આયોજીત વેબિનારમાં મહીસાગર જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક મિડીયાના પત્રકારઓ ગુગલ મીટના માધ્યમથી જોડાઈ ધ રોલ ઓફ ધ મીડિયા ડ્યુરીંગ ધ કોવિડ–૧૯ પેન્ડેમિક એન્ડ ઈટ્સ ઈમ્પેક્ટ ઓન મીડિયા વિષય પર તજજ્ઞ નવરચના યુનિવર્સિટી જર્નાલિઝમ વિભાગના મદદનીશ પ્રાધ્યાપક હિતાર્થ પંડ્યા સાથે સાર્થક સંવાદ સાધ્યો હતો.

ગુજરાતના નામાંકિત પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક માધ્યમો સાથે પત્રકાર તરીકે કામ કરી ચુકેલા હિતાર્થ પંડ્યા જણાવ્યું કે, માહિતીના ધોધ વચ્ચે જરૂરી અને સાચી માહિતી લોકો સુધી પહોંચાડવાની જવાબદારી મીડિયાની છે. નાગરીકોને પ્રેસ–મીડિયા પર ભરપૂર વિશ્વાસ છે તેનું કારણ છે વિશ્વસનીયતા. પરંતુ ઝડપી સમાચાર આપવાની દોડમાં ઘણીવાર આ વિશ્વસનીયતા દાવ પર લાગી જવાનો ભય હોય છે.

ખાસ કરીને કોવિડ–૧૯ જેવી મહામારીના સમયમાં સોશિયલ મીડિયાના માધ્યમથી ખુબ મોટા પ્રમાણમાં સમાચારો ફેલાઈ રહ્યા છે. તેમાંથી સમાચારના સ્ત્રોત સુધી પહોંચી તેની ખરાઈ કર્યા બાદ પ્રસારીત કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. એક ખોટા સમાચાર લોકોમાં ડર પેદા કરી શકે છે. માટે મીડિયાની શકિતનો ખોટો ઉપયોગ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા ભાર મુકયો હતો. કોવિડ–૧૯ મહામારીના સમયમાં વોટસેપ યુનીર્વસીટીમાંથી આવતા ફેક ન્યુઝના ધોધ વચ્ચે માહિતી કે ફોટોગ્રાફની ખરાઈ કઈ રીતે કરવી તે અંગે પંડ્યાએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

વેબિનારની શરૂઆતમાં કાર્યક્રમના અધ્યક્ષ અને વડોદરા પ્રાદેશીક માહિતી કચેરીના સંયુકત માહિતી નિયામક ભાવસિંહ રાઠવાએ સ્વાગત પ્રવચન કરી તજજ્ઞનો પરીચય તથા અંતમાં નાયબ માહિતી નિયામક બી.પી.દેસાઈએ વેબિનારમાં જોડાયેલા મધ્ય ગુજરાત ઝોનની માહિતી કચેરીઓના અધિકારીઓ, પત્રકારઓ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

લોકશાહીના ચોથા સ્તંભ સમાન પ્રેસ–મીડિયાના મહત્વને ધ્યાને લઈ પ્રતિ વર્ષ ૧૬ નવેમ્બરના રોજ નેશનલ પ્રેસ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ૧૬ નવેમ્બરના દિવસે નૂતન વર્ષના તહેવાર તથા કોવિડ–૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ પ્રાદેશીક માહિતી કચેરી વડોદરા અને ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ૨૧ ડિસેમ્બરના રોજ યોજાયેલ વેબિનારના માધ્યમથી મહીસાગર જિલ્લા માહિતી કચેરી જોડાઈને નેશનલ પ્રેસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વેબિનારના તજજ્ઞએ વિષયલક્ષી ચર્ચા ઉપરાંત પત્રકારઓના પ્રશ્નોના ઉત્તર આપી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## અમદાવાદમાં કરફ્યૂમાં લટાર મારવા નીકળેલા ૨૪૩ની પોલીસે કરી અટકાયત



અમદાવાદ,

આજે અમદાવાદમાં કર્ફ્યૂની પ્રથમ દિવસે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ સતત પેટ્રોલિંગ કરીને કર્ફ્યૂનું પાલન કરાવતી નજરે ચડી હતી. કર્ફ્યૂ ભંગ કરી બહાર નીકળતા લોકો સામે પોલીસ દંડાત્મક કાર્યવાહી કરી છે. પોલીસ દ્વારા કર્ફ્યૂના જાહેરનામા ભંગ કરીને લટાર મારવા નીકળેલાના કુલ ૨૧૫ જેટલા ગુના નોંધ્યા છે અને ૨૪૩ લોકોની અટકાયત કરવામાં આવી છે. શહેર પોલીસે જીવનજરૂરી વસ્તુઓ, જેમ કે દૂધ, દવાની દુકાન, મ્યુનિસિપલ સર્વિસ, પેટ્રોલ અને ગેસ સ્ટેશન, ફર્મા કંપનીઓ, ઈલેક્ટ્રિક અને પાણી સપ્લાઈ કરનાર અને તેની સાથે સંકળાયેલા લોકોને નિયત આઈડીકાર્ડ કે ડોક્યુમેન્ટ્સ જોઈ જવા દીધા હતા.

શહેરના એસજી હાઈવે, આશ્રમ રોડ, લાલ દરવાજા, કાલુપુર, બાપુનગર, નરોડા, સરખેજ, રિંગ રોડ, નેશનલ હાઈવેને કનેક્ટેડ રોડ, શાહપુર, અસારવા, સાબરમતી, ચાંદખેડા એમ તમામ જગ્યાએ પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત છે. અમદાવાદ શહેરમાં ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, તમામ ડીસીપી-એસીપી, પીઆઈ સહિતના અધિકારીઓ કર્મચારીઓ સાથે શહેરમાં સતત પેટ્રોલિંગ કરી અને કર્ફ્યૂનો કડક અમલ કરાવી રહ્યા છે. પોલીસ દ્વારા સ્થાનિક વિસ્તાર પેટ્રોલિંગ કરી અને લોકોને ઘરે મોકલવામાં આવી રહ્યા છે. ઉપરાંત શહેરના જેટલા પણ એન્ટ્રી પોઈન્ટ છે એના પર પોલીસબંદોબસ્ત અને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

કરફ્યૂ હોવા છતાં દાણીલીમડા વિસ્તારમાં ટુ વ્હીલર લઈને યુવક માસ્ક વગર નિકળ્યો હતો. જેથી પોલીસે તેણે અટકાવ્યો હતો. પોલીસે યુવકને માસ્ક પહેર્યુ ન હોવાથી દંડની ભરપાઈ કરી હતી. પરંતુ યુવકે દંડની ભરપાઈ કરવાની ના પાડતા પોલીસ અને બાઈક ચાલક યુવક વચ્ચે મામલો બિચક્યો હતો. આ અંગે દાણિલિમડા પોલીસે જુબેર હાજી મહંમદ કંકપવાલા વિરૂદ્ધમાં ફરિયાદ નોંધી હતી.

## અમેરિકાની મોડર્ના ઈંકએ કોરોના વેક્સિન બનાવી હોવાનો દાવો કર્યો

વૉશિંગ્ટન,

અમેરિકાની મોડર્ના ઈંકએ કોરોના વાયરસનો સામનો કરવા માટેની વેક્સીન બનાવી લીધી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કંપનીનું કહેવું છે કે, તેમની વેક્સીન કોરોનાના સંક્રમણથી વચાવવામાં ૯૪.૫ ટકા સફળ સાબિત થઈ છે. આ દરમિયાન કંપનીએ કહ્યું હતું કે, મોડર્ના વેક્સીનના ડૉઝ માટે સરકાર પાસેથીમાત્ર ૨૫ થી ૨૭ અમેરિકી ડૉલર ભારતીય રૂપિયા પ્રમાણે ૧૮૫૪ થી ૨૭૪૪ રૂપિયા વસુલશે.

મોર્ડર્નાના CEO સ્ટેફન બાંસેલે જણાવ્યું હતું કે, કોરોના વેક્સીનની કિંમત તેની માંગણી પર નિર્ભર કરે છે. અમારી વેક્સીનની કિંમત ૧૦થી૫૦ ડોલર એટલે કે ૭૪૧.૬૩ થેહે ૩૭૦૮.૧૩ રૂપિયા હોઈ શકે છે. એક સમાચાર એજન્સી પ્રમાણે યૂરોપિયન યૂનિયનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, યૂરોપિયન યૂનિયનને વેક્સીનના લાખો ડોઝની જરૂર પડશે. યૂરોપિયન યૂનિયનને પ્રત્યેક ડોઝ ૨૫ ડોલર એટલે કે ૧૮૫૪ રૂપિયામાં પડશે.

યૂરોપિયન યૂનિયન સાથે વેક્સીનના ડૉઝની ડીલને લઈને બાંસેલે કહ્યું હતું કે, ત્યાર સુધી લેખિત રીતે કે ઔપચારીક રીતે કોઈ સમજુતિ થઈ નથી પણ અમે યૂરોપિયન કમિશન સાથે વાતચીત ચલાવી રહ્યાં છીએ અને ઘણાખરા અંશે સમજુતિને આખરી ઓપ આપવાની તૈયારીમાં છીએ. અમે યૂરોપમાં આ વેક્સીન પહોંચાડવા માંગીએ છીએ અને વાતચીત યોગ્ય દિશામાં આગળ વધી રહી છે.

મોર્ડર્નાના જણાવ્યા પ્રમાણે ક્લિનિકલ ટ્રાયલના વચગાળાના ડેટામાં જાણવા મળ્યું છે કે, તેમની વેક્સીન કોરોના વાયરસથી બચાવવામાં ૯૪.૫ ટકા સફળ સાબિત થઈ છે. અમેરિકાની મોડર્ના કંપનીનું કહેવું છે કે, તેમની વેક્સીન એમઆરએનએ-૧૨૭૩ ટુંક સમયમાં જ બજારમાં આવી જશે.

કંપનીએ આશા સેવી છે કે, તે આ વર્ષના અંત સુધીમાં કોરોના વેક્સીનના ૨ કરોડ ડોઝ બનાવી લેશે. કંપનીએ એવો પણ દાવો કર્યો છે કે, આગામી વર્ષ સુધીમાં સો કરોડ ડોઝ તૈયાર કરી લેશે પરંતુ લોકો સુધી આ વેક્સીનને પહોંચાડવા માટે મોડર્નાએ અનેક પડકારોનો સામનો કરવો પડશે. કંપની ટૂંક સમયમાં જ અમેરિકી સરકાર પાસે વેક્સીનના ઉપયોગની મંજુરી માંગશે. હાલ જુલાઈ મહિનાથી યૂરોપીયન યૂનિયન કોરોના વેક્સીન મેળવવાને લઈને વાતચીત કરી રહ્યું છે.

### શુદ્ધ પાણી મળવાથી બાળકોનું સ્વાસ્થ્ય સુધરશે: મોદી

## વડાપ્રધાને ઉ.પ્રદેશને ૫૫૫૫ કરોડની ગિફ્ટ આપી: પીવાના પાણીની યોજનાનું શિલાન્યાસ કર્યો



ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકાર છેલ્લા એક વર્ષથી લોકોને પીવાનું શુદ્ધ પાણી આપવાના મિશન પર કામ કરી રહી છે અને વિવિધ રાજ્યોમાં તેને લઈને યોજનાઓ શરુ કરવામાં આવી છે. પીએમ મોદીએ આવી જ યોજનાઓનું આજે યુપી માટે શિલાન્યાસ કર્યું.

પીએમ મોદીએ આજે સોનભદ્ર અને મિર્ઝાપુર માટે ૨૩ ગ્રામીણ પાઈપથી પીવાનું પાણી પહોંચાડવાની યોજનાનું શિલાન્યાસ કર્યું. પીએમ મોદીએ વીડિયો કોન્ફેન્સિંગના માધ્યમથી આ પરિયોજનાઓની શરૂઆત કરાવી. આ કાર્યક્રમમાં રાજ્યના સીએમ યોગી આદિત્યનાથ સોનભદ્રથી જોડાયા હતા. આ યોજનાથી આશરે ૪૧ લાખ લોકોને પીવાનું શુદ્ધ જળ મળી રહેશે જ્યારે આ યોજના પાછળ ૫૫૫૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું કે આ યોજના હેઠળ લાખો પરિવારોને શુદ્ધ પીવાનું પાણી મળી રહેશે. તેમણે કહ્યું કે આઝાદી બાદથી જ આ ક્ષેત્રની ઉપેક્ષા થતી રહી અને વિન્ધ્યાન્ચલ તથા બુંદેલખંડ ઉપેક્ષાનો શિકાર થયા.

પીએમ મોદીએ પોતાના ભાષણમાં રહીમનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું વિન્ધ્ય પર્વત પુરાતનકાળથી જ વિશ્વાસ, પવિત્રતા અને આસ્થાનો કેન્દ્ર છે. જીવનની ખૂબ મોટી સમસ્યાનું હવે સમાધાન આવશે. આ વિશ્વાસ અને ઉત્સાહ મને તમારી અંદર દેખાઈ રહ્યો છે.

નોંધનીય છે કે કેન્દ્ર સરકાર હવે લોકોને ઘરે ઘરે જળ પહોંચાડવા માટે એક મિશન પર કામ કરી રહી છે. પીએમ મોદીએ તે અભિયાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ અભિયાનને એક વર્ષથી વધારે સમય થઈ ગયો છે અને આ દરમિયાન દેશના ૨ કરોડ ૬૦ લાખથી વધારે પરિવારને તેમના ઘરમાં જ શુદ્ધ પાણી પહોંચાડવામાં આવ્યું છે. તેમાં લાખો પરિવાર યુપીના છે. જળ જીવન મિશન હેઠળ ઘરે ઘરે પાઈપથી પાણી પહોંચાડવાના કારણે માતાઓ બહેનોનું જીવન સરળ થઈ રહ્યું છે. ગંદા પાણીના કારણે થતી બીમારીઓ ઓછી થઈ રહી છે.

પીએમ મોદીએ કહ્યું કે ૩ હજાર ગામડાઓના ૪૦ લાખ ઘરોમાં પાઈપથી પાણી આવશે તો લોકોનું જીવન બદલાશે.

## મહીસાગર જિલ્લામાં આજે ૧૯ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૮ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૪ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૨–૧૧–૨૦૨૦ના સાંજના ૬–૦૦ વાગ્યા સુધીમાં ૧૫૩૨ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૩૩૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૮૩૧૨૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૫૯ વ્યકિતઓને હોમ કવોરેન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૧૯ દર્દી હોમ આઈસોલેશન, ૦૨ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૧ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૪૩ દર્દીઓ સ્ટેબલ, ૧૨ દર્દીઓ ઓક્સિજન પર છે.

## લુણાવાડા નગરમાં માસ્ક વગર તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પાલન ન કરતી વ્યકિતઓ પાસેથી રૂા. ૮૦૦૦ હજારનો દંડ વસુલ કરાયો



લુણાવાડા,

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા–તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા અને સરકારની ગાઈડલાઈન તેમજ જિલ્લા વહીવટીતંત્ર તરફથી માસ્કક પહેર્યા વગર બહાર ન નીકળવા વારંવાર જણાવવામાં અને સમજાવવામાં આવતું હોવા છતાં પણ હજુ પણ ઘણા નાગરિકો ઘરની બહાર નીકળતા સમયે માસ્કય પહેર્યા વગર ઘરની બહાર નીકળતા હોય છે તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પાલન ન કરવાને કારણે તેઓ પોતે પોતાને તો જોખમમાં મૂકે છે પણ સાથે સાથે અન્યર નાગરિકો માટે સંકટ પેદા કરતા હોય છે. આવા માસ્કન પહેર્યા વગર નીકળતી વ્યપકિતઓ ફરીથી માસ્કમ પહેર્યા વગર બહાર ન નીકળે અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી કોરોના સંક્રમણને નિયંત્રિત કરી શકાય તે હેતુથી તેમજ નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તે માટે લુણાવાડા મામલતદાર, જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ચાર ટીમ બનાવીને લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં સંયુકત કાર્યવાહી હાથ ધરીને શહેરમાં માસ્ક વગર ફરતી અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન ન કરતી વ્યભકિતઓ પાસેથી દંડાત્મંક કાર્યવાહી કરી રૂા. ૮૦૦૦ હજારનો દંડ વસુલ કરવામાં આવ્યોં હતો.

વહીવટીતંત્રએ આ સંયુકત કાર્યવાહી કરીને અન્યં નાગરિકો માસ્કી પહેર્યા વગર ન નીકળે અને નીકળશે તો દંડાત્મ૦ક કાર્યવાહીથી બચી નહીં શકો તેવો સંદેશો પણ પાઠવ્યો હતો.

## રાજસ્થાનના ચૂરુની ગૌશાળામાં ૯૪ ગાયના મોતથી ખળભળાટ મચ્યો

ચૂરુ,

રાજસ્થાનના ચૂરુ જિલ્લામાં આવેલી એક ગૌશાળામાં ૯૪ ગાયોનાં અચાનક મોત થતાં ખળભળાટ મચી ગયો છે. મોટી સંખ્યામાં ગાયોના મોત થતા ઉચ્ચ અધિકારી ગૌશાળા ખાતે દોડી આવ્યા છે. મામલાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ અંગે સરદારશહરના તહેસીલદાર કુતેન્દ્ર કંવરે જણાવ્યું કે મામલાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આટલી મોટી સંખ્યામાં ગાયોના મોત ઘાસચારો ખાવાના કારણે કે કોઈ અન્ય બીમારીના કારણે થયા છે તે મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. તેઓએ કહ્યું કે તપાસ રિપોર્ટ આવ્યા બાદ મોતનું કારણ સ્પષ્ટ થઈ શકશે.

સરદારશહરની એસડીએમ રીના છિંપાએ જણાવ્યું કે, ૯૪ ગાયોના અચાનક મોત બાદ ગૌશાળાના પાણી અને ઘાસચારાના સેમ્પલ લઈને ટેસ્ટિંગ માટે મોકલી આપવામાં આવ્યા છે. મૃત્યુ પામેલા ગાયો પૈકી કેટલીક ગાયોના પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવશે જેથી મોતનું સાચું કારણ જાણી શકાય.

મળતી જાણકારી મુજબ, આ ઘટના સરદારશહરમાં બિલ્યુબાસ રામપુરાની શ્રીરામ ગૌશાળાનો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર શુક્રવાર સાંજ બાદથી આ ગૌશાળામાં કુલ ૯૪ ગાયોનાં મોત થયા છે જ્યારે અન્ય પણ બીમાર છે. પશુપાલન અને ચિકિત્સા વિભાગની ટીમો ઘટનાસ્થળે હાજર છે. વિભાગના સંયુક્ત નિદેશક ડૉ. જગદીશ બરબડેએ જણાવ્યું કે ગૌશાળામાં શુક્રવાર સાંજે ગાયો અચાનક બીમાર થવા લાગી. રાત્રે ૮૦ ગાયોનાં મોત થઈ ગયા. કેટલીક ગાયો બીમાર છે. ત્યારબાદ રવિવારે બીજી બીમાર ગાયોનાં પણ મોત થતાં કુલ મૃત્યુઆંક ૯૪એ પહોંચી ગયો છે.

(પાન નં.૧ નું ચાલુ)

### આજથી અમદાવાદમાં દિવસનો.....

દરમિયાન અમદાવાદમાં કરફ્યૂની અમલવારી કરાવશે તેવી પણ તેમણે વાત કરી છે. સોમવારથી દિવસ દરમિયાનનો કરફ્યૂ હટી જશે અને રાત્રી દરમિયાન કરફ્યૂ યથાવત રહેશે. તેમણે કહ્યું કે, સરકાર કોઈ આંકડા છૂપાવતી નથી. ચાર શહેરોમાં રાત્રી કરફ્યૂ અમલ કરાયો છે. અમદાવાદમાં આવતીકાલે સોમવાર સવાર સુધી કરફ્યૂ રહેશે. મહાનગરોમાં રાત્રી કરફ્યૂ નવા આદેશો સુધી યથાવત રહેશે. કોરોનાની રસી માટે દુનિયાભરમાં પ્રયત્નો ચાલુ છે જે ટુંક સમયમાં આવી જશે.

અમદાવાદમાં કોએ સ્વયં જ કરફ્યૂની અમલવારીમાં સાથ આપ્યો હતો જોકે ૨૪૩ લોકો કરફ્યૂ દરમિયાન વગર કોઈ કામે બહાર નિકળ્યા તે લોકો સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી પણ કરી છે. અત્યાર સુધી આ આંકડો ૩૪૩ સુધી પહોંચ્યો છે. પોલીસે તેમની અટકાયત કરી છે. ઉલ્લેખનીય છે કે દિવાળી સમયે લોકોએ કોરનાની ગાઈડલાઈન્સનો સરેઆમ ઉલાળીયો કરી નાખ્યો હતો. એટલું જ નહીં નેતઓએ પણ ચૂંટણી દરમિયાન અને પોતાના શક્તિ પ્રદર્શન દરમિયાન આ નિયમોને ઓહીયા કરી લીધા હતા. તંત્રએ તેઓ સામે પણ જે તે સમયે કોઈ કડક કાર્યવાહી કરી હોય કે ઉદાહરણ પુરુ પાડ્યું હોય તેવું સામે આવ્યું નથી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૩-૧૧-૨૦૨૦, સોમવાર, નિજ કારતક સુદ-૯, સૂર્યોદય-૭-૦૫, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૩, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્ર: ઘનિષ્ઠા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૨-૧૧થી ૧૨-૫૫ સુધી, ૭-૦૬ થી અમૃત-૮-૨૮ સુધી, ૯-૫૦ થી શુભ-૧૧-૧૧ સુધી, ૧૩-૫૫ થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૩૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૦૬થી ૮-૦૦ સુધી, ૮-૫૫ થી ૯-૫૦ સુધી, ૧૧-૩૯થી ૧૪-૨૨ સુધી, ૧૫-૧૭થી ૧૬-૧૨ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૩.૧૧.૨૦૨૦ સોમવાર

મેષ(અ.લ.ઈ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના રાજકીય લાભ મલે. નોકરીમા બદલીની ઈચ્છા ફળે. કર્જમાં રાહત.

વૃષભ(બ.વ.ઉ.) :- સંકલ્પ શકિતમાં વધારો થવાનો જુના મિત્રો સાથે ચર્ચા વિચારણા થાય. સ્વાસ્થ્ય બાબત જાળવવું.

મિથુન(ક.છ.ઘ.) :- દિવસ દરમ્યાન જુના હાથ ધરેલા કાર્યોમાં વધુ ધ્યાન આપો નવી યોજનામાં કોઈ ઉતાવળ ન કરો.

કર્ક(ડ.હ.) :- મિલ્કત અંગેના પ્રશ્નોના લાભ કાર્યભાર ટાળજો ઉપરી વર્ગ સાથે મહત્વની ચર્ચા-વિચારણા થાય.

સિંહ(મ.ટ.) :- લખાણ કે દસ્તાવેજોના કાર્યો ચકાસવા -ચેક બુકનો ઉપયોગ કરવામાં સાવધાની જરૂરી વિદેશથી લાભ

કન્યા(પ.ઠ.ણ.) :- આવકનું પ્રમાણ જળવાઈ રહેશે વિદેશ જવાની તક મલે. નોકરીમાં લાભ રહે. ધાર્મિક કાર્યમાં અનુકુળતા.

તુલા(ર.ત.) :- અધિકારીઓ સાથે મતભેદો દૂર કરવાની ઈચ્છા ફળવાની હરીફો ઉપર વર્ચસ્વ વધે જુના મિત્રોની મુલાકાત થાય.

વૃશ્ચિક(ન.ય.) :- અટકતા કાર્યો આગળ વધે ધાર્મિક કાર્યમાં સફળતા પરિવારનો સહકાર રહેવાનો ભાગીદારોને સહકાર દેવો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- ન ધારેલો લાભ સાંજ પછી મેળવશો વિદેશ જવાની તક મલે નોકરીમાં પ્રમોશનના ચાન્સ-રાજકીય લાભ રહે.

મકર(ખ.જ.) :- જાહેરક્ષેત્રે સફળતા મેળવશો વિજાતીય સંબંધો ગાઢ બને લખાણ દસ્તાવેજોના કાર્યોમાં અનુકુળતા રહે. ધાર્મિક કાર્ય થાય.

કુંભ(ગ.શ.સ.) :- લગ્નજીવનમાં ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો નવી ઓળખાણ લાભદાયક રહેશે પ્રવાસની ઈચ્છા ફળે કર્જમાં રાહત.

મીન(દ.ચ.ઝ.) :- વ્યવસ્થાને લઈને મુસાફરી થાય આવકનું પ્રમાણ વધે નવું સાહસ કરવાની ઈચ્છા પ્રથમ થાય વડીલોને સાથે સહકાર દેવો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# લીમડી પોલીસ મથકના સબ ઈન્સ્પેકટર પોતાની બીજી પત્નીને પ્રસુતિ માટે દાખલ કર્યાની જાણ પહેલી પત્ની અને પુત્રીને થતાં હોસ્પિટલમાં ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ પડવાલ વુમન હોસ્પિટલમાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ મથકમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતાં રણજીતસિંહ દેવચંદભાઈ ડામોર પોતાની બીજી પત્નિની પ્રસુતિ કરાવવાં ત્યાં લાવતાં આ અંગેની જાણ પી.એસ.આઈ. ડામોરની પહેલી પત્નિ તથા તેની દિકરીને થતાં તેઓ પડવાલ વુમન હોસ્પિટલમાં દોડી જતાં જ્યાં પી.એસ.આઈ. રણજીત ડામોર અને બીજી પત્નિની માતા એટલે કે, રણજીત ડામોરની સાસુ દ્વારા પહેલી પત્નિ તથા તેની પુત્રી સાથે ઝઘડો તકરાર કરી, ઝપાઝપી તેમજ પી.એસ.આઈ. રણજીત ડામોર દ્વારા પહેલી પત્નિને લાપટો ઝાપટો તેમજ ગડદાપાટ્ટુનો માર મારતાં ભારે ધિંગાણું મચાવી હોબાળો મચતાં હોસ્પિટલના સ્ટાફ તેમજ તબીબો દોડી આવ્યા હતા અને છોડવવા વચ્ચે પડ્યા હતા. આ ભારે હોબાળાની વાયુવેગે વાત જિલ્લાભરના પોલીસ બેડામાં પ્રસરતાં ભારે સ્તબ્ધતા સહિત ચકચાર મચી જવા પામી હતી. આ સમગ્ર મામલે પી.એસ.આઈ.ની પહેલી પત્નિ દ્વારા પોતાના પતિ તથા બીજી પત્નિની માતા વિરૂધ્ધ દાહોદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે. પી.એસ.આઈ. રણજીતસિંહ ડામોર દ્વારા બીજી પત્નિને પ્રસુતિ માટે દવાખાને લાવ્યા બાદ આ સમગ્ર વાતથી અજાણ પહેલી પત્નિ અને તેની પુત્રીને ખબર પડી જતાં આ બનાવ હાલ દાહોદ જિલ્લામાં ટોક ઓફ ધી ટાઉન રહેવા પામ્યો છે. દાહોદ જિલ્લા પોલીસ બેડામાં પણ આ બનાવના ઘેરા પ્રત્યાઘાત નજરે પડ્યા હતા અને સૌ પોલીસ મીત્રોમાં પણ અનેક ચર્ચાઓ જન્મ લીધો છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા.૧૬મી ડિસેમ્બર એટલે કે, દિવાળીના બીજા દિવસે નવાવર્ષના આરંભ સાથે જ કહેવાય રહ્યું છે કે, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ મથકમાં ફરજ બજાવતાં રણજીતસિંહ દેવચંદભાઈ ડામોરની પહેલી પત્નિનું લગ્ન જીવન વેર વિખેર થઈ ગયું હતું. વાત એમ છે કે, કરૂણાબેન રણજીતસિંહ ડામોરના લગ્ન આજથી ચૌદ વર્ષ અગાઉ ફતેપુરા તાલુકાના જવેસી ગામના રહેવાસી રણજીતસિંહ દેવચંદભાઈ ડામોર સાથે સમાજના રિતી રિવાજ મુજબ થયા હતા. આટલા વર્ષના સમયગાળામાં ભગવાને આ દંપતિને સંતાનમાં એક પુત્રી પણ આપી હતી. રણજીતસિંહ ડામોર હાલ ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ મથકે પી.એસ.આઈ. તરીકે ફરજ પણ બજાવી રહ્યા છે અને તેઓ મોટી સારસી ગામે નાથ રેસીડેન્સી ખાતે રહે છે જ્યારે કરૂણાબેન દાહોદમાં ચાકલીયા રોડ ખાતે આવેલ આદિવાસી સોસાયટી ખાતે રહે છે.

ગત તા.૧૬મી ડિસેમ્બરના રોજ કરૂણાબેન તથા તેમન પુત્રી બંન્ને દાહોદ બજારમાં કોઈ કામ અર્થે એક્ટીવ લઈ નીકળ્યા હતા. આ દરમ્યાન બપોરે આશરે ત્રણેક વાગ્યાના સમયગાળા દરમ્યાન પુત્રીએ તેના પપ્પા રણજીતસિંહ ડામોરને એક ફોર વ્હીલરમાં સવાર થઈ જતાં જોયા અને માતા કરૂણાબેનને કહેલ કે, પપ્પા જાય છે, મારે તેમને મળવું છે. આ બાદ માતા અને પુત્રી બંન્ને એક્ટીવ લઈ રણજીતસિંહ ડામોરની કારની પાછળ પાછળ ગયા હતા. આ બાદ રણજીતસિંહ ડામોરે પોતાની કાર દાહોદમાં આવેલ વુમન પડવાલ હોસ્પિટલના પટાંગણમાં ઉભી રાખી હતી. આ જોઈ કરૂણાબેન અને તેમની પુત્રી અસંમસમાં પડી ગયા હતા અને વિચાર કરવા લાગી ગયા હતા. કે પોતાના પતિ અને પિતા અહીં ક્યાં કામથી આવ્યા હશે આ વિચાર સાથે તેઓ હોસ્પિટલમાં રણજીતસિંહની પાછળ પાછળ ગયા હતા અને જે નજારો જોતા અને કહીકત સામે આવતાં કરૂણાબેન અને તેમની પુત્રી બંન્ને એકક્ષણે સ્તબ્ધ થઈ ગયા હતા. હોસ્પિટલમાં માલુમ પડ્યું કે, પી.એસ.આઈ. રણજીતસિંહ ડામોર દ્વારા પોતાની બીજી પત્નિ કાજલબેનને આ હોસ્પિટલમાં પ્રસુતિ માટે લાવ્યા છે. આ અંગેની વાતચીત કરવા માતા – પુત્રી બંન્ને રણજીતસિંહ ડામોર પાસે જઈ કહેલ કે, અહીંયા કેમ આવ્યા છો? તેમ કહેતા જ રણજીતસિંહ ડામોર અને તેની બીજી પત્નિની માતા જુનાબેન કરણસિંહ મોહનીયા (રહે.શીવ શક્તિ સોસાયટી, ઉકરડી રોડ, દાહોદ, દેલસર, તા.જી.દાહોદ) આ બંન્ને જણાએ કરૂણાબેન અને તેમની પુત્રી સાથે ઝપાઝપી ઉપર ઉતરી આવ્યા હતા અને બેફામ ગાળો બોલવા લાગ્યા હતા. રણજીતસિંહ ડામોર દ્વારા કરૂણાબેનનું ગળુ દબાવ્યું હતુ અને જુનાબેને કરૂણાબેનને પકડી રાખી હતી. આ બાદ બંન્નેએ કરૂણાબેન સાથે ઝપાઝપી કરી મારઝુડ પણ કરી હતી. આ સમગ્ર ઘટના પડવાલ વુમન હોસ્પિટલમાં બનતાં હાજર સ્ટાફ છોડવવા વચ્ચે પડ્યા હતા. આ ભારે હોબાળાના પગેલ એકક્ષણે હોસ્પિટલના સ્ટાફમાં ચકચાર વ્યાપી જવા પામ્યો હતો.

આ સમગ્ર મામલે ન્યાયની માંગણી સાથે કરૂણાબેન રણજીતસિંહ ડામોર દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે પોતાના પતિ રણજીતસિંહ ડામોર અને બીજી પત્નિની માતા જુનાબેન કરણસિંહ મોહનીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં બે અકસ્માતના બનાવમાં ૭ વર્ષીય બાળક સહિત બેના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક ૦૭ વર્ષીય બાળક સહિત બે જણાના અકાળે મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. પોલીસે અકસ્મતા સર્જનાર વાહન ચાલકો સામે ગુનો નોંધી તપાસ આરંભ કરી છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના ભાવપુરા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૧મી નવેમ્બરના રોજ ઝાલોદ તાલુકાના થેરકા ગામે થેરકી ફળિયામાં રહેતા અંકિતભાઈ મલસીંગભાઈ સંગાડા (ઉ.વ.૧૯) પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ભાવપુરા ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીના ચાલે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અંકિતભાઈને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં અંકિતભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર પટકાયા હતા અને જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતુ. આ સંબંધે થેરકા ગામે થેરકી ફળિયામાં રહેતા મસુલભાઈ મતાભાઈ સંગાડાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના ખરોદા ગામે હાઈવે રસ્તા ઉપર બનવા પામ્યો હતો જેમાં દાહોદ તાલુકાના ખરેડી ગામે ગામતળ ફળિયામાં રહેતા ૨૩ વર્ષીય રાહુલભાઈ મેંદાલભાઈ પરમાર, ૧૯ વર્ષીય સાહીલભાઈ પંકજભાઈ પરમા અને તેમની સાથે ૦૭ વર્ષીય રાજવીર અલ્કેશભાઈ સંગાડા આ ત્રણેય જણા પોતાના કબજાની ઈયોન ગાડી લઈ તેમા બેસી ખરોદા ગામેથી ચાંદલાવિધી પતાવી પોતાના ઘરે ખરેડી આવવા નીકળતા હતા. આ દરમ્યાન રસ્તામાં ખરોદા ગામે હાઈવે રોડ ઉપર એક આઈસર ટેમ્પાના ચાલકે તેનો ટેમ્પો ઈયોન ગાડીની આગળ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સાઈઢ લાઈટ કે ડિપર બતાવ્યા વિના અચાનક ચોસાલા જવાના રોડ તરફ આઈસર વાળી દેતાં ઈયોન ગાડીને અકસ્માત સર્જાયો હતો અને ગાડીમાં સવાર ૦૭ વર્ષીય રાજવીરને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે સાહીલભાઈ અને રાહુલભાઈને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

આ સંબંધે ખરેડી ગામે ગામતળ ફળિયામાં રહેતા રાકેશભાઈ રમેશભાઈ સંગાડાએ આ સંબંધે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાંમાં આજે વધુ ૧૫ કોરોના પોઝીટીવ કેસો સાથે જિલ્લામાં કોરોના પોઝીટીવનો કુલ આંકડો ૨૦૫૪ને આંબી ગયો છે જ્યારે એક્ટીવ કેસ ૧૬૧ પર પહોંચ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૩૬૭ પૈકી ૦૯ અને રેપીટ ટેસ્ટના ૭૨૫ પૈકી ૦૬ એમ આજે તારીખ ૨૨મી નવેમ્બરના રોજ ૧૫ કોરોના પોઝીટીવ કેસો દાહોદ જિલ્લામાં સામે આવ્યા છે. આ ૧૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૬, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૪, ગરબાડામાંથી ૦૧ અને ફતેપુરામાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૮ દર્દીઓએ કોરોના સામે જંગ જીતી હોસ્પિટલમાંથી રજા લીધી હતી અને અત્યાર સુધી કોરોનાથી કુલ મૃત્યુ આંક ૭૬ને પાર થઈ જવા પામ્યો છે.

# દાહોદ તાલુકાની સગીરા ફેસબુક ફ્રેન્ડ એ ભગાડી ગયા બાદ ચુંગાલ માંથી છુટી પરત ફરેલ યુવતિ દ્વારા યુવક વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને મુંબઈમાં રહેતા એક યુવકે ફેસબુક પર સંપર્ક કરી દાહોદ બસ સ્ટેશનેથી બસમાં બેસાડી અપહરણ કરી મુંબઈ લઈ ગયા બાદ યુવકના ચંગુલમાંથી છુટી પરત પોતાના ઘરે આવ્યા બાદ પરિવારજનો સાથે દાહોદ શહેર પોલીસ મથકે યુવક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે યુવકના ધરપકડાના ચક્રોગતિમાન કર્યા છે.

મુંબઈ ખાતે રહેતો સુનિલ નામકે દાહોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરા સાથે સોશીયલ મિડીયાના ફેસબુક માધ્યમથી મિત્રતતા બાંધી હતી. આ મિત્રતતા દરમ્યાન ગત તા.૧૦મી ઓક્ટોબરના રોજ આ યુવકે સગીરાને દાહોદ બસ સ્ટેશનથી બસમાં બેસાડી અપહરણ કરી મુંબઈ લઈ ગયો હતો. પરિવારજનો દ્વારા તે દિવસથી પોતાની દિકરીની ભારે શોધખોળ આદર્યા બાદ પણ તેની કોઈ ભાળ મળી ન હતી અને આખરે સગીરા આ સુનિલ નામક યુવકના ચંગુલમાંથી છુટી દાહોદ પિતાના પરિવાર પાસે આવી પહોંચતાં પરિવારે હાશકારો તો અનુભવ્યો જ હતો પરંતુ આ અપહરણની સમગ્ર ઘટના સગીરાએ પરિવારજનોને જણાવતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી.

આ સંબંધે સગીરા દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે આવી ઉપરોક્ત મુંબઈના યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## કોરોના ભૂલી સુરતમાં રાત્રી કર્ફ્યૂ બાદ દિવસે માર્કેટમાં ભીડ જામી



સુરત,

અમદાવાદમાં બે દિવસીય કરફ્યૂ આપ્યા બાદ સુરતમાં રાત્રી કરફ્યૂ લગાવવામાં આવ્યો છે. પરંતુ સવાર પડતા જ લોકોની બેદરકારી સામે આવી છે. સુરતમાં રાત્રી કર્ફ્યૂ પરંતુ દિવસે માર્કેટમાં ભીડ જામી છે. એપીએમસી બહાર ભારે ભીડ ઉમટી પડી છે. મોટી સંખ્યામાં લોકો શાકભાજી લેવા પહોંચ્યા છે. જેમા સામાજિક અંતરનો અભાવ, માસ્ક વગર પણ ફરી રહ્યા છે લોકો. ત્યારે પ્રશ્ન થાય કે શું સુરતની જનતા ફરી લોકડાઉન ઈચ્છી રહી છે? રાત્રી કર્ફ્યૂ છે એટલે દિવસે ભીડ કરશો? સુરતની જનતા આટલી બેફિકર કેમ?

સુરતમાં રાત્રી કરફ્યૂ પૂર્ણ થયા બાદ લોકો વહેલી સવારે શાકભાજી ખરીદી કરવા નીકળી ગયા હતા. જ્યારે સહારા દરવાજા વિસ્તારમાં લોકોની ભીડ જામી હતી. જેમા કેટલાક લોકો માસ્ક વગર જોવા મળ્યા હતા. આ સિવાય સોશિયલ ડિસ્સ્ટન્ટ પણ ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા હતા. આ જોતા લાગી રહ્યું છે શું સુરતના લોકો આટલા બેદરકાર હોય શકે છે. રાત્રી કરફ્યૂ આપ્યા બાદ લોકોમાં એવો ભય હતો કે સવારે શાકભાજી મળશે કે નહીં. જેથી લોકો માર્કેટમાં જીવન જરૂરિયાત વસ્તુઓ લેવા ભીડ ઉમટી હતી.

પરંતુ માર્કેટમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડી રહ્યા હતા. માસ્ક વગર લોકો બેફામ ફરી રહ્યા હતા. જેને કારણે સંક્રમણ વધવાનો ભય રહી શકે છે. પરંતુ સુરતના માર્કેટમાં આ રીતે લોકોની ભીડ એકઠી ભારે પડી શકે છે તે કોરોનાના આમંત્રણ આપવા બરાબર છે.

## રાજકોટમાં રાત્રિ કર્ફ્યૂ: સૂમસામ જોવા મળ્યા રસ્તાઓ

રાજકોટ,

રંગીલા રાજકોટમાં ગઈકાલે રાત્રે ૯ વાગ્યાથી રાત્રિ કર્ફ્યૂ લાદવામાં આવ્યું છે. રાત્રિ કર્ફ્યૂનો નજારો ડ્રોન કેમેરામાં કેદ થયો છે. જેમાં રંગીલા શહેરના રસ્તાઓ પર કાગડા ઉડતા હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે. રાજમાર્ગો સુમસામ ભાસી રહ્યા છે. કર્ફ્યૂમાં ફરજ બજાવતા પોલીસ જવાનો સઘન ચેકિંગ કરતા નજરે પડ્યા હતા. રાત્રે શહેરનો ધમધમતો કાલાવડ રોડ પણ ૯ વાગ્યા બાદ સુમસામ ભાસી રહ્યો હતો.

રાત્રિ કર્ફ્યૂની વિશેષ જવાબદારી આવતા રાજકોટ પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ ૨૬ નવેમ્બરના રોજ ભત્રીજીના લગ્નમાં અમેરિકા જવાના હતા. પરંતુ ડ્યૂટી ફર્સ્ટનું સૂત્ર અપનાવી પોલીસ કમિશનરે લગ્નમાં જવાનું ટાળ્યું છે. મનોજ અગ્રવાલ પરિવાર સાથે અમેરિકા જવાના હતા. રાજકોટ શહેરના લોકો ૯ વાગ્ય પહેલા જ ઘરે પુરાઈ ગયા હતા.

# ઝાલોદ પાલિકા કાઉન્સિલર અંતિમ અગ્રવાલ ની હત્યા કે આત્મહત્યા ?

ઝાલોદ,

ઝાલોદ પાલિકા કાઉન્સિલર અંતિમ અગ્રવાલ દ્વારા શનિવાર ના રોજ માંડલેશ્વર મહાદેવ ખાતે જઈ અને ઝેરી દવા ગટગટાવી જતા સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. બે મહિનાના સમયગાળામાં જ પાલિકાના આ બીજા કાઉન્સિલર ના અસમય મોત ને પગલે પાલિકા માં કંઈક અજુગતું બન્યું હોવાનું હાલ ચર્ચામાં છે. તો હિરેન પટેલની હત્યાકાંડમાં સામેલ મુખ્ય માથાઓ સુધી પહોંચવા મથતી પોલીસ પાલિકાના જ અન્ય કાઉન્સિલરની હત્યા કે આત્મહત્યાની તપાસ માં લાગી ગયેલી જોવા મળી રહી છે.

ઝાલોદ નગર પાલિકાના કાઉન્સિલર હિરેન પટેલની હત્યા બાદ, પાલિકા માં થયેલ કરોડો નો ભ્રષ્ટાચાર ઉજાગર થયો છે. જેને પગલે પોલીસ તપાસ થી લઈને વહીવટી તપાસમાં પણ પાલિકા માં થયેલા ભ્રષ્ટાચાર માં પાલિકા ના કેટલાક કાઉન્સિલર થી લઈને કેટલાક કર્મચારીઓ ની પણ સંડોવણી હોવાનું બહાર આવવાની પ્રબળ શક્યતાઓ છે. ત્યારે ગત શનિવારના રોજ પાલિકા ના જ એક કાઉન્સિલર અંતિમ અગ્રવાલ દ્વારા મંડલેશ્વર મહાદેવ જઈ અને સલ્ફાસ ની ગોળીઓ ખાઈ લેતા સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું.

આ અંગે અંતિમ અગ્રવાલ ના મામાં કિરીટભાઈ અગ્રવાલ દ્વારા કોઈ અગમ્ય કારણસર કોઈની ધાક ધમકી કે દબાણ મા આવી અને આવું પગલું ભર્યું હોવાની જાહેરાત કરવામાં આવતા પોલીસે અકસ્માત મોત નો ગુન્હો નોધી અને આગળ ની તપાસ હાથ ધરી છે. ત્યારે બે મહિના માં જ પાલિકા ના આ બીજા કાઉન્સિલર ના કસમયે થયેલા મૃત્યુ એ પાલિકા માં કઈક અજુગતું બન્યું હોવાની ચાડી ખાધી હતી. જેને પગલે પાલિકા માં થયેલા ભ્રષ્ટાચાર આચરનારા તમામ માં ફફડાટ ફેલાયો છે. તો નગર માં પણ નગર ના વિકાસ માં ખર્ચ કરનાર રકમ બારોબાર ચાઉ થઈ જતી હોવાથી આ ભ્રષ્ટાચારીઓ સામે પગલાં લેવાની લાગણી અને માંગણી પણ ઉઠી છે.

# દાહોદ શહેરમાં રવિવારના દિવસે બજાર સજ્જડ બંધ રહ્યા

દાહોદ,

આજથી દાહોદમાં દર રવિવારે વાણિજ્ય પ્રવૃત્તિઓ બંધ રાખવાના કલેકટર વિજય ખરાડીના આદેશ સાથે જ આજે દાહોદ શહેરના તમામ બજારો સજ્જડ બંધ રહ્યા હતા. આરોગ્યતંત્ર દ્વારા દાહોદ શહેરમાં ગલી ગલી સોસાયટી સોસાયટી તેમજ રહેણાંક વિસ્તારોમાં સેનેટરાઈઝર છંટકાવની કામગીરી કરવામાં આવી હતી.

દાહોદ શહેર સહિત જિલ્લામાં વધતા કોરોના સંક્રમણના કેસોને ધ્યાનમાં રાખી કોરોનાની ચેન તોડવા તેમજ જિલ્લામાં સેનેટ રાઈઝર છંટકાવ કરવામાં આવે તે માટે દાહોદ જિલ્લા કલેકટર વિજય ખરાડી દ્વારા પ્રતિ રવિવારે વાણિજ્ય પ્રવૃત્તિઓ બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. આજે રવિવારના દિવસે દાહોદ શહેર સહિત જિલ્લાના તમામ બજારો સંપૂર્ણ બંધ રહ્યા હતા. દાહોદ શહેરમાં વહેલી સવારથી જ દુકાનો રોજગાર ધંધાઓ બંધ દેખાયા હતા. ત્યારે બીજી તરફ આરોગ્યતંત્ર દ્વારા શહેરમાં સેનેટરાઈઝર છાંટવાની કામગીરી પણ હાથ ધરી હતી. દાહોદ જિલ્લા વાસીઓને માસ્ક તેમજ સોશિયલ distance ચુસ્ત પણે પાલન કરવાનો પણ કલેક્ટરે અપીલ કરી છે.

# દાહોદના ખંગેલા ચેકપોસ્ટ ઉપર ફરજ બજાવતા જવાનો સાથે વાહન ચાલક ચાર યુવાનો મારામારી કરી ફરજમાં રૂકવાટ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાની ખંગેલા ચોકપોસ્ટ પર એક સી.આઈ.એસ.એફ. કોન્સ્ટેબલ, એક બી.એસ.એફ.જવાન મળી ચાર જણા આ ચેકપોસ્ટ પર આવતાં ત્યા ફરજ બજાવી રહેલ પોલીસ કોન્ટેબલે આ ચારેય જે ગાડીમાં સવાર હતા તે ગાડીને ઉભી રખાવી પોતાની નિષ્ઠાસભર ફરજ બજાવી પુછપરછ કરી રહ્યા હતા. આ દરમ્યાન ચારેય જણાને ફરજ બજાવી રહેલ પોલીસ કોન્સ્ટેબલને બેફામ ગાળો બોલી, લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી ઈજા પહોંચાડી સરકારી ફરજમાં રૂકાવત ઉભી કરતાં આ સમગ્ર મામલે પોલીસ કોન્ટેબલે સી.આઈ.એસ.એફ. કોન્ટેબલ, બી.એસ.એફ. જવા સહિત ચાર જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સી.આઈ.એસ.એફ.માં તમીલનાડુ કોઈમ્બુતુર થર્ડ બટાલીયનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં અને દાહોદ તાલુકાના ખંગેલા ગામે નવાપુરા ફળિયામાં રહેતા સુરમલભાઈ જામ્બુભાઈ સંગાડીયા, બી.એસ.એફ.માં ફરજ બજાવતાં અને ખંગેલા ગામે નવાપુરા ફળિયામાં રહેતા જશવંતભાઈ કનુભાઈ મેડા તેમની સાથે રાજુભાઈ કાળીયાભાઈ મેડા (રહે. ખંગેલા, નવાપુરા ફળિયા) અને બીજો એક ઈસમ એક આ કુલ ચાર જણા ગત તા.૨૧મી નવેમ્બરના રોજ ખંગેલા ચેકપોસ્ટ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન ત્યા કેટલાક પોલીસ સ્ટાફ પોતાની ફરજ બજાવી રહ્યા હતા અને ઉપરોક્ત ચારેય જણા પોતાનુ વાહન લઈ ત્યાંથી પસાર થતાં ખંગેલા ચેકપોસ્ટ પર કતવારા પોલીસ મથકના પોલીસ કોન્ટેબલ તરીકે ફરજ બજાવતાં કૃષણકુમાર નટવરસિંહ દ્વારા ઉપરોક્ત ચારેયને વાહન સાથે ઉભા રાખી પુછપરછ કરી રહ્યા હતા તે સમયે આ ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ, તમો અમારી ગાડી રોકવાવાળા કોણ છો, તેમ કહી બેફામ ગાળો બોલી પોલીસ કોન્સ્ટેહલ કૃષ્ણકુમારને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી, પોતાની સરકારી ફરજમાં રૂકાવટ ઉભી કરતાં આ સમગ્ર મામલે કૃષ્ણકુમાર દ્વારા ઉપરોક્ત ચારેય જણા વિરૂધ્ધ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆની "આહાર" ટ્રસ્ટના લાભાર્થીઓને દિવાળી પહેલા રોકડ રકમ સાથે ગરીબ યુવતિઓને સહપ્રેમ ભેટ

દે.બારીઆ,

દે.બારીઆની "આહાર" સંસ્થા ૨૦૦૪ થી ગરીબો, અસહાય લોકો માટેજીવાદોરી સમાન સંસ્થા છે. જેના સ્થાપક નિકુંજભાઈ સોની છે. જે ગરીબ પરિવારોના જીવનધોરણ ઊંચા લાવવા માટે સતત પ્રયત્નશીલ છે. એ માત્રને માત્ર ગરીબ પરિવારોને કઈ રીતે મદદરૂપ થવું અને ક્યા લાભાર્થીને ક્યા પ્રકારની મદદની જરૂર છે. તે સારી રીતે જાણી લેતા હોય છે. આહાર સંસ્થાને પોતાના નાણા ખર્ચ કરીને ચલાવતા હતા. પરંતુ આવા નિસ્વાર્થ અને ખંતીલા માણસનું કાર્ય જોઈને આપણ દે.બારીઆ શહેરના યુ.એસ. સ્થાઈ દાતાઓ પણ નિકુંજભાઈ સોનીના કાર્યને મદદ માટે આગળ આવ્યા જેથી તેમને તેમની લાગણીને માન આપી આ લોકસેવા એન જન સેવાના કાર્યમાં મદદ સ્વીકારી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર તા.૧૧/૧૧/૨૦૨૦ બુધવારના રોજ સવારે ૧૦ કલાકે આહાર રસોડાના પટાંગણમાં એક પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. દિવાળીના પર્વ પહેલા આહારના ૪૬ જેટલા લાભાર્થીઓને દાળ–ભાત, શાક–રોટલી, ગોટા, મોહનથાળ મીસ્ટાન વાનગી સાથે સ્વ. વિષ્ણુપ્રસાદ વ્યાસના સમર્પણ અર્થે મહેન્દ્રભાઈ વ્યાસ ગોધરાવાળાના તરફથી આજનું ભોજન આપવામાં આવ્યું હતું. તથા ૩૫ જેટલી યુવતિને રૂા.૧૦૦/– રોક્ડ રકમ અને બીજા ગરીબ લાભાર્થીઓને ૧૧/–રૂા. ટીફીન સાથે આપવામાં આવ્યા હતા. યુવતીઓને કીટમાં સેવ–ટોસ, વેસલીન, પાપડી આ વસ્તુ યુવતિને આપવામાં આવી હતી. આ તમામ ભેટ સોગાત સુરેન્દ્રભાઈ વ્યાસના હસ્તક આપવામાં આવી હતી. જેથી તમામ ગરીબ લાભાર્થીઓમાં ખુશી જોવા મળી હતી.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 77

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## નેશનલ કોરીડોરરૂપ રસ્તાના પ્રોજેકટમાં

# પંચમહાલના ત્રણ તાલુકાના ખેડુતોમાં નજીવું વળતર અન્યાયરૂપ થી વિરોધ વંટોળ



- કિંમતી જમીન સામે કેન્દ્ર સરકાર દ્વારા ઓછું વળતર આપી કરાયેલ નુકશાન.
- મહત્વકાંક્ષી ભારતમાલા પ્રોજેકેટ થી દિલ્હી-મુંબઈનો નવો નિર્માણ થનાર રોડ.
- આ રોડ હાલોલ-કાલોલ-ગોધરાના ગામો માંથી પસાર થાય છે.
- ૧૦૦ મીટરને બદલે ૩૦૦ મીટર જમીન સંપાદન કરાતા ઊહાપોહ.
- બજારભાવે વળતર ચુકવા તથા અસરગ્રસ્ત ખેડુતોને હોટલ-પેટ્રોલ પંપનું સંચાલન કરવા માંગ.
- અગાઉ ત્રણ ત્રણ વાર પ્રાંત અધિકારીની આગેવાનીમાં ઉચ્ચ અધિકારીની સુનાવણી યોજાઈ હતી.
- અનેક સુનાવણી બાદની રજૂઆત બાદ નિર્ણય યથાવત રહેતા અસંતોષ.
- ફરી એકવાર માંગણીઓનું ભૂત ધૂણતા તંત્રમાં દોડધામ.

ગોધરા,

નેશનલ કોરીડોર ગણાતો રસ્તાના પ્રોજેકટના નિમાર્ણ અર્થે જમીન સંપાદનની પ્રક્રિયા પંચમહાલના પૂર્ણતાને આરે છે. ત્યારે હાલોલ, કાલોલ અને ગોધરામાંથી પસાર થનાર રોડ માટે કિંમતી જમીનનો ખેડુતો એ ભોગ આપ્યો છે. પરંતુ તંત્રના નિર્ણય સામે અસંખ્ય ખેડુતોમાં ઊહાપોહ સાથે વિરોધ વંટોળ સર્જાઈ રહ્યો છે. ૧૦૦ મીટરને બદલે ૩૦૦ મીટર જમીન સંપાદન કરવું, નજીવું વળતર ચુકવવું, હોટલ પેટ્રોલ પંપનું સંચાલન અસરગ્રસ્ત ખેડુતોની માંગ ફરી વાર જાગતા વિવાદે સ્થાન લીધું છે. સંભવિતઃ ન્યાય માટે આંદોલનના ભણકારા વાગી રહ્યા છે.

મુંબઈ અને દિલ્હીને જોડતો મહત્વનો રોડ કેન્દ્ર સરકારે ગણ્યો છે. અને સૌથી ઓછા સમયે અને ઈંધણ બચાવવાનો હેતુ ગણાતા તેને નેશનલ કોરીડોરનું બિરૂદ આપીને સમયમર્યાદામાં હજારો કરોડોના ખર્ચે નિર્માણ કરવાનું ગણ્યું છે. પરંતુ પંચમહાલના હાલોલ, કાલોલ, ગોધરાના અસંખ્ય ગામોમાથી નિર્માણ થનાર આ ચાર માર્ગીય રસ્તાઓ માટે જમીન સંપાદન કરવાનું કાર્ય અંતિમ તબકકામાં છે. ભારત સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેકટ એવા ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત દિલ્હીથી મુંબઈ વચ્ચે ૧૪૮૩ કિમી લાંબા નેશનલ કોરિડોરનું નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે પૈકી ગુજરાતમાંથી ૫૦૦ ઉપરાંત કિમી નો નેશનલ કોરિડોરના નિર્માણ કરવા માટે જંગલ તેમજ ખેડૂતોની જમીનને સંપાદન કરવાની કાર્યવાહી છેલ્લા ૧ વર્ષ ઉપરાંતના સમયથી કરવામાં આવી રહી છે. જેમાં પંચમહાલ જિલ્લામાંથી આ નેશનલ કોરિડોરના નિર્માણ માટે ગોધરા,હાલોલ અને કાલોલ તાલુકાના મોટાભાગના ખેડૂતોની ખેતીની જમીન તેમજ તેમના ઘર પણ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સંપાદિત કરવામાં આવી રહ્યા છે. જમીન સંપદાનના પ્રથમ સર્વેની કામગીરી હાથ ધરતાની સાથે જ જમીન માલિકો – ખેડૂતો દ્વારા આ કામગીરી અને આ નેશનલ કોરિડોરના નિર્માણનો વિરોધ કરવામાં આવી રહ્યો છે . ખેડૂતોના આક્રોશને ધ્યાને લઈને સરકાર દ્વારા શરૂઆતમાં જમીનના સરકારી ભાવના ૪ ગણું વળતર ચુકવવાનું જણાવવામાં આવ્યું હતું, પરંતુ જયારે હાલમાં જમીન સંપદાનની કાર્યવાહીને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. ત્યારે ઓછું વળતર આંકવામાં આવતા તેમજ શરૂઆતના જાહેરનામા મુજબ ૧૦૦ મીટર જમીન સંપાદિત કરવામાં આવનાર હોવાનું જણાવી હાલ ૩૦૦ મીટર જમીન સંપાદિત કરવામાં આવતા ખેડૂતો વિરોધ કરી રહ્યા છે. સાથે સાથે ખેડૂતો એ પણ માંગણી કરી રહ્યા છે કે આજ હાઈવેના નિર્માણ માટે નવસારી જિલ્લાના ખેડૂતોને ઉચ્ચક ઊંચું વળતર આપવામાં આવ્યું છે. જે વળતર પંચમહાલ જિલ્લા તેમજ ગુજરાતના તમામ અસરગ્રસ્તોને આપવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. તો બીજી તરફ હાલમાં આ નેશનલ કોરિડોર પર પેટ્રોલ પમ્પ, દવાખાનું તેમજ હોટેલના નિર્માણ માટે પણ વધારાની જમીન સંપાદિત કરવામાં આવી રહી છે. ત્યારે પેટ્રોલ પમ્પ તેમજ હોટેલનું સંચાલન આવા અસરગ્રસ્ત ખેડૂતોને આપવામાં આવે તેવી પણ માંગ કરી રહ્યા છે. ત્યારે શું છે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ખેડૂતોની માંગણી જોતા ઉંચુ વળતર અને અન્ય લાભની છે.

### અગાઉ ઈન્દોર-અમદાવાદ હાઈવે અંગેનો અસંતોષ હજૂય યથાવત

અગાઉ પંચમહાલ જીલ્લામાંથી પસાર થતો અમદાવાદ-ઈંદોર હાઈવે ને નેશનલ રોડ ઓથોરીટી દ્વારા વિસ્તૃતકરણ અર્થે હાલ ચાર માર્ગીય નવીનીકરણ માટે છેક ટીંબા ગામથી લઈને દાહોદ જીલ્લાને સ્પર્શતા અનેક ગામોના અસંખ્ય ખેડુતોની જમીન જાણે મફતમાં ભાવે પડાવી પાડી છે. જેના વિરોધમાં જેતે સમયે વકીલ મારફતે ન્યાય માટે વળતર બજાર ભાવે ચુકવવું કાંતો ઉંચુ આપવાની માંગ સંદર્ભે અનેક વચન ઉચ્ચ અધિકારીઓ દ્વારા નહીં ચુકવીને ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હોઈ પંચમહાલના અસંખ્ય ખેડુતોને અસંતોષ છે. ત્યારે જોવાનું અને નેશનલ કોરીડોર સમાન આ રસ્તા અંગે કેન્દ્ર સરકાર ખેડુતો માટે શું નિર્ણય લે છે ?

### ખેતી લાયક જમીન ખૂંચવાઈ જતા પડતા ઉપર પાટું

મુંબઈ અને દિલ્હીને જોડતો મહત્વનો રોડ નેશનલ કોરીડોરનું બિરૂદ આપીને પંચમહાલના હાલોલ, કાલોલ, ગોધરાના અસંખ્ય ગામોમાંથી નિર્માણ થનાર આ ચાર માર્ગીય રસ્તાઓ માટે જમીન સંપાદન પૂર્ણતાને આરે છે. ત્યારે ૧00 મીટરને બદલે હવે 300 મીટર જમીન સંપાદન કરવાનો ખેડુતો નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. કારણ કે આ ફળદ્રુપ જમીન કેજે વડિલોપાર્જીત હોઈ પોતાની પરિવારની રોજીરોટી ખેતી ઉપર નિર્ભય છે. ખેતી કરીને જીવન ગુજારો કરનાર ખેડુતોની કિંમતી જમીન ખૂંચવી લેવાની નીતિનો ઠેરઠેર અસંતોષ વ્યાપી રહયો છે. ઓછી જમીન અને પરિવાર લાંબુ હોવાથી પહેલેથી જ કિંમતી ખેતીલાયક જમીનની વહેંચણી થઈ થતાં ટૂંકી ખેતી ઉપર નિર્ભર રહેવાનો વારો આવેલો છે. ત્યારે નેશનલ કોરીડોરમાં જમીન સંપાદન થતા નુકશાનરૂપ અને અન્યાયરૂપ ગણાતા ખેડુતો માટે પડતા ઉપર પાટુ વાગ્યાનો ઘાટ ઘડાયો છે.

# પંચમહાલ જીલ્લામાં બે દિવસમાં કોરોના પોઝીટીવના ૪૪ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર ચિંતીત બન્યું

**૨૧ નવેમ્બર**
કુલ પોઝીટીવ કેસ-૩૦૧૧.
સક્રિય કેસ-૧૪૩.
રજા-૧૧.
મૃત્યુ-૧૨૧.
ગોધરા-૦૯, હાલોલ-૦૪, કાલોલ-૦૯, શહેરા-૦૧.

**૨૨ નવેમ્બર**
કુલ પોઝીટીવ કેસ- ૩૦૩૨.
સક્રિય કેસ-૧૫૫.
રજા-૦૮.
મૃત્યુ-૧૨૧.
ગોધરા-૦૪, હાલોલ-૧૩, કાલોલ-૦૧, શહેરા-૦૧, ઘોઘંબા-૦૨.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં દિવાળી તહેવારોના દિવસોમાં કોરોના પ્રત્યેની બેદરકારી તેમજ સોશ્યલ ડિસ્ટન્સના અભાવને લઈને કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસ વધતા જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ ચિંતીત બન્યું છે. જીલ્લામાં શનિ અને રવિવારના દિવસોમાં ૪૨ જેટલા કોરોના સંક્રમિત કેસ નોંધાતા જીલ્લાવાસીઓ દ્વારા માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને કોરોના સંક્રમણથી બચે તે જરૂરી છે.

પંચમહાલ જીલ્લામાં અનલોક-૧ થી અનલોક-૫ સુધીના સમયગાળામાં જીલ્લામાં કોરોના સંક્રમિત કેસમાં ઘટાડો નોંધાતા જીલ્લામાં કોરોના સંક્રમણનો ભય હળવો થયો હતો. હાલ દિવાળીના તહેવારોમાં બજારોમાં ઉમટી પડેલ લોકોની ભીડ તેમજ આવી ભીડમાં સોશ્યલ ડિસ્ટન્સના અભાવ જોવા મળ્યો હતો. પરિણામે દિવાળીના તહેવારના સમયમાં કોરોના સંક્રમિત કેસમાં વધારો થયો છે. ત્યારબાદ પંચમહાલ જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમિત કેસમાં વધારો થઈ રહ્યો છે. તે પંચમહાલ જીલ્લાવાસીઓ માટે તેમજ જીલ્લાવહીવટી તંત્ર અને જીલ્લા આરોગ્ય તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં શનિવાર અને રવિવારના રોજ ૨૩,૨૧ કેસ મળી બે દિવસમાં ૪૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જીલ્લાવાસીઓ કોરોના સંક્રમણથી બચવા માસ્કનો અવશ્ય ઉપયોગ કરે તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવે તેવી અપીલ કરી છે.

# મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામેથી ૨.૬૮ લાખના ગાંજાના જથ્થા સાથે બે ઈસમોને પોલીસે ઝડપ્યા




મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે રહેણાંક મકાનમાં સુકા ગાંજાનો જથ્થો રાખેલ છે અને વેચાણ કરવામાં આવે છે તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ક્મિત ૨.૬૮ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોની ધરપકડ કરવામાં આવી.

વિસ્તૃત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે રહેતા હુસેન ઈસાભાઈ શિવાના રહેણાંક મકાનમાં સુકા ગાંજાનો જથ્થો રાખવામાં આવ્યો છે. અને છુટક રીતે વેચાણ કરવામાં આવે છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી.પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન હુસેન ઈસાભાઈ શિવાના ઘરના રૂમમાંથી ૬ કિલો ઉપરાંત ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પકડાયેલ ઈસમની પુછપરછ કરતાં ગાંજાનો જથ્થો અશરફ બસીરખાન પઠાણ અને રાજુ ગુલાબભાઈ ખરાડ રહે. ગુણાની મુવાડી, દે.બારીયા. પાસેથી મંગાવીને મકાનમાં રાખ્યો છે. તેવી કબુલાત કરતાં જથ્થો લાવનાર બે ઈસમો પૈકી એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે રાજુ ખરાડ પોલીસને ચકમો આપી નાશી છુટવામાં સફળ થયો હતો. પોલીસ દ્વારા સ્થળ ઉપરથી ૬ કિલો ઉપરાંત ગાંજા, કાર મળી ૨.૬૮ લાખ રૂપીયાના મુદ્દામાલ કબજે લઈ ત્રણ ઈસમો વિરૂદ્ધ મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે. નાટાપુર ગામે ગાંજા રાખેલ હોય તે સ્થળે રેડ કરતાં પોલીસ અને આરોપી વચ્ચે ચકચક થવા પામતાં પોલીસનો કાફલો દોડી આવ્યો હતો.

# ગોધરા ગેની પ્લોટમા રહેતા ઈસમને બે ચોરીની બાઈકો સાથે ઝડપી પાડતી LCB પોલીસ




ગોધરા,

ગોધરા શહેર અમીના મસ્જીદ પાસેની ચોરી થયેલ તેમજ બીજી એક ચોરીની બાઈક ગની પ્લોટમાં રહેતા ઈસમના ઘરમાં સંતાડી રાખેલ છે. તેવી બાતમી એલ.સી.બી. પોલીસને મળતાં બાતમીના આધારે બે ચોરીની બાઈકો સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, અમીના મસ્જીદ પાસે રોડ ઉપરથી ચોરી કરાયેલ બાઈક નંબર જીજે.૧૭.એપી.૩૪૫૯ ચોરાયેલ છે. તથા બીજી ચોરીની બાઈક ગેની પ્લોટમાં રહેતા ઈમરાન ઉર્ફે ઈમુ યુસુફ ઘાંચીભાઈના ઘરમાંથી સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેડ કરી હતી. પોલીસે ઈમરાન ઉર્ફે ઘાંચીભાઈને સાથે રાખીને ઘરમાં તપાસ કરી હતી. તપાસ દરમ્યાન હિરો કંપનીની ડિલક્ષ બાઈક કિંમત ૩૦,૦૦૦/– તથા હિરો સ્પ્લેન્ડર નંબર વગરની કિંમત૫૦,૦૦૦/–રૂપીયા કબજે લીધી હતી. પોલીસ દ્વારા ઈ.ગુજકોપ પોકેટકોપ મોબાઈલ સર્ચ કર્યું હતું. બાઈક નંબર જીજે.૧૭.એપી.૩૪૫૯ના માલિક સીરાજ મોહમંદભાઈ મેદાની ચોરી થયેલ હોય અને તેની ફરિયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલ હતી. જ્યારે નંબર વગરની બાઈક એન્જીન નંબર અને ચેસીસ નંબરના આધારે સર્ચ કરતા માલિક મનુભાઈ નવાભાઈ ચૌધરી રહે. ગુંદી કુવા ગામ ઉમરાપાડા, જી. સુરત લખાઈને આવ્યું હતું અને બાઈકની ફરિયાદ ઉમરાપાડા પોલીસ મથકે નોંધાયેલ હોય ગોધરા એલસીબી પોલીસ દ્વારા ચોરીને બે બાઈકો સાથે ચોર ઈસમને ઝડપી પાડી બાઈક ચોરીના બે ભેદ ઉકેલ્યા.

# શહેરા-ગોધરા હાઈવે માર્ગ ઉપર પટીયાના જંગલમાંથી પ્રેમી પંખીડાનો ગળે ફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહ મળ્યો



શહેરા,

શહેરા ગોધરા હાઈવે માર્ગ ને અડીને આવેલ પટીયા ના જંગલમાંથી પ્રેમી પંખીડાની લાશ બાવળના ઝાડ પર લટકતી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસ ઘટના સ્થળે પહોંચીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જ્યારે ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી આવ્યા હતા. શહેરા ગોધરા હાઈવે માર્ગ ને અડી ને પટીયાનું મોટું જંગલ આવેલું છે.આ જંગલમાં આવેલ બાવળના ઝાડ ઉપર યુવાન પ્રેમી પંખીડા ની લાશ દુપટ્ટા વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. જાગૃત રાહદારીએ આ બનેલા બનાવની જાણ સ્થાનિક પોલીસને કરતા સ્થાનિક પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એમ.આર. નકુમ તેમજ હિતેશભાઈ પ્રજાપતિ, જશું ભાઈ, મહેન્દ્રસિંહ સહિતનો પોલીસ સ્ટાફ બનાવ સ્થળ ખાતે જંગલમાં પહોંચી જઈને તપાસ હાથધરી હતી. દુપટ્ટા વડે ગળે ફાંસો ખાધેલ આ પ્રેમી પંખીડા માથી યુવાન મંગલિયાણા ગામનો વિક્રમ બારીયા અને યુવતી મીઠાલી બે ખાતે રહેતી નિરાલી બેન બારીયા હોવાનું પોલીસ તપાસ મા બહાર આવ્યુ હતુ.પોલીસ તંત્ર દ્વારા ઝાડ ઉપર લટકતી પ્રેમી પંખીડાની લાશને નીચે ઉતારીને પીએમ અર્થે મોકલી દેવામાં આવી હતી. આ ઘટના હાઈવે માર્ગ ને અડીને હોવાથી ત્યાંથી પસાર થતા વાહનચાલકો સાથે મોટી સંખ્યામાં લોકટોળા ઘટનાસ્થળે ઉમટી આવ્યા હતા.

# અમદાવાદ કરફ્યુમાં સનાથલ સર્કલ પર લોકોનો ધસારો, ભાડા વધ્યા

અમદાવાદ,

રાજ્યમાં જીવલેણ કોરોના વાયરસનો કહેર યથાવત છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરમાં પણ આ વાયરસના કારણે ૫૭ કલાકનો કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. ત્યારે બીજી તરફ અમદાવાદના સનાથલ સર્કલ પર લોકોનો ધસારો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે શનિવાર અને રવિવારે કર્ફ્યુને કારણે અમદાવાદમાં એસટી સેવા સંપૂર્ણ પણે બંધ છે. ત્યારે આ સંજોગોમાં તમામ એસટી બાયપાસથી ચાલી રહી છે. ત્યારે બીજી તરફ બહારગામથી અમદાવાદમાં આવીને ફસાયેલા લોકોની સનાથલ ચોકડીએ ભીડ જામી છે. પોતાના ગામ તરફ જવા માગતા લોકો પાસે ખાનગી વાહનો ઉંચા ભાડા પણ વસૂલી રહ્યા છે.

# શહેરા કાંકરી કોલેજ ખાતે ૩૦ એનસીસી બટાલીયન દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરાયું




શહેરા,

શહેરાના કાકંરી સરકારી વિનયન કોલેજ ખાતે ૩૦ એન.સી.સી બટાલિયન ગોધરા દ્વારા ૭૨મા એન.સી.સી.દિવસ ને લઈને રકતદાન કેમ્પનૂ આયોજન કરવામા આવ્યુ હતું. જીલ્લા કલેકટર અમિત અરોરાની ઉપસ્થિત મા એન.સી.સી કેડેટસ દ્વારા રકતદાન કરવામા આવ્યુ હતું.

શહેરાના કાંકરી વિનયન કોલેજ ખાતે ૩૦ ગુજરાત બટાલીયન ગોધરા દ્વારા એન.સી.સી ડે ઉજવણી કરવામા આવી હતી. જીલ્લા કલેકટર અમિત અરોરા સહિત ઉપસ્થિત મહાનુભાવોનું ફુલહારથી સ્વાગત કરવામા આવ્યુ હતું. રકતદાન કેમ્પમાં એન.સી.સી કેડેડસ દ્વારા માસ્ક પહેરીને અને સોશિયલ ડિસ્ટન્સ રાખીને ઉત્સાહપૂર્વક રકતદાન કરવામા આવ્યુ હતું. ઉપસ્થિત જીલ્લા કલેકટર દ્વારા રકતદાનની સરાહનીય કામગીરીને બિરદાવા સાથે જીવનમા એન સી.સી નુ મહત્વ તેમજ રકતદાનનૂ મહત્વ સમજાવ્યુ હતું. હાલમા કોરોનાની મહામારીને લઇને જનજાગૃતિ સંદેશો પણ પાઠવ્યો હતો. ૩૦ ગૂજરાત બટાલિયન ગોધરા ના સંયૂકત ઊપક્રમે રાખવામા આવેલા આ કાર્યક્રમમા કર્નલ કિરીટ નાયર, એ.એન. ઓ ઘનશ્યામ જોગરાણા, મંજીત વિશ્વકર્મા તેમજ તમામ એન.સી.સી કેડેટ ની ઉપસ્થિતિ રહયા હતા.